# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-09-2024 Evening : 7.50 to 8.00
Day : Saturday National News

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

*****************************************************

- જમ્મુ અને કાશ્મીર તેમજ હરિયાણાની વિધાનસભાની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોનો આક્રમક ચૂંટણી પ્રચાર.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હિસ્સારમાં રેલી સંબોધી..હરિયાણામાં કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
- વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારીઓની સમીક્ષા માટે મહારાષ્ટ્રની મુલાકાતે આવેલા ચૂંટણી પંચે મતદારોને 'લોકશાહીના ઉત્સવ'ને સફળ બનાવવા અપીલ કરી
- હુમલાની ગુપ્તચર એજન્સીઓની ચેતવણીના પગલે મુંબઇમાં હાઇએલર્ટ ... પોલીસે પેટ્રોલિંગ સઘન બનાવ્યું
- જમ્મુ કાશ્મીરના કુલગામમાં સલામતી દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## HISAR PM RALLY

કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર અને હરિયાણામાં આગામી વિધાનસભાની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ પોતાનો આક્રમક પ્રચાર શરૂ કર્યો છે.. જેમાં ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હરિયાણાના હિસારમાં એક જાહેર રેલીને સંબોધન કર્યું. આ પ્રસંગે શ્રી મોદીએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે, દલિતો અને પછાત લોકો માટે કોંગ્રેસના દરવાજા સંપૂર્ણપણે બંધ છે. તેમણે ખોટા વચનો આપવાનો અને અનામત ખતમ કરવાનો આરોપ લગાવ્યો હતો. હરિયાણા કોંગ્રેસમાં આંતરકલહ અને આંતરિક ઝઘડા અંગે શ્રી મોદીએ કહ્યું કે, પાર્ટીની અંદર જનતાની ચિંતા કરવા માટે નહીં, પરંતુ વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે.

(બાઇટ – નરેન્દ્ર મોદી)

શ્રી મોદીએ અગાઉ નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરમાં પણ રેલીને સંબોધી હતી. જ્યારે કોંગ્રેસે આજે ચંદીગઢમાં તેનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ જમ્મુ અને કાશ્મીરમાં બે અલગ અલગ રેલી સંબોધી હતી જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે ગઈકાલે અંબાલા, કુરુક્ષેત્ર અને રેવાડીમાં ત્રણ જાહેરસભાઓને સંબોધિત કરી હતી. કોંગ્રેસ નેતા કુમારી સેલજાએ ગઈકાલે કાલાંવલી અને ડબવાલી ખાતે રેલીઓને સંબોધી હતી. આમ આદમી પાર્ટી અને અન્ય પ્રાદેશિક પક્ષોના નેતાઓ પણ તેમના ઉમેદવારો માટે સક્રિયપણે પ્રચાર કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, હરિયાણામાં વિધાનસભાની 90 બેઠકો માટે 5મી ઓક્ટોબરે મતદાન થશે.જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં ગુરૂવાર ત્રીજા તબકકાનું મતદાન યોજાશે.

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમનો આ 114મો એપિસોડ છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો  પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

## PRESIDENT TELANGANA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે સત્ય બોલવાથી કાનૂની બંધુત્વ વધુ શક્તિશાળી બને છે. આજે હૈદરાબાદમાં નલસર યુનિવર્સિટીના 21મા દીક્ષાંત સમારોહને સંબોધિત કરતાં, રાષ્ટ્રપતિ મુર્મુએ વંચિત વર્ગોને સામાજિક ન્યાય માટે કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિએ વધુ સારા પ્રદર્શન માટે વિદ્યાર્થિનીઓની પ્રશંસા કરી હતીઅને મહિલા સશક્તિકરણ માટે કામ કરવા હાકલ કરી હતી. મહિલાઓ પર થતા અત્યાચાર અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે અત્યાચાર સામે સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે, વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કામ કરવું જોઈએ. રાષ્ટ્રપતિએ શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરનારા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કર્યા હતા.

## ELECTION COMMISSION MAHARASTRA

ભારતના ચૂંટણી પંચે આજે મહારાષ્ટ્રના તમામ મતદારોને 'લોકશાહીના ઉત્સવ'ને સફળ બનાવવા અપીલ કરી છે.આગામી વિધાનસભાની ચૂંટણીમાં મોટી સંખ્યામાં ભાગ લેવા અને પણ વિનંતી કરી હતી..આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓનું મૂલ્યાંકન કરવા મુખ્ય ચુંટણી કમિશનર રાજીવ કુમારની આગેવાની હેઠળ ચૂંટણી પંચ મહારાષ્ટ્રની બે દિવસીય મુલાકાતે છે. આ મુલાકાત બાદ આજે મીડિયાને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ સહિતની ટીમે 11 રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી આ પક્ષોએ ચૂંટણી પંચ સમક્ષ તેમની અરજીઓ રજૂ કરી હતી. કમિશન, તેમજ વિવિધ અમલીકરણ એજન્સીઓને મતદાન દરમિયાન તમામ જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવા એજન્સીઓને સૂચના આપવામાં આવી છે. શ્રી કુમારે વધુમાં જણાવ્યું હતું કે દરેક મતદાન મથક પર વધુમાં વધુ 950 મતદારોને સમાવી લેવામાં આવશે. તેમણે એમ પણ જણાવ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં 50 ટકા અને શહેરી વિસ્તારોમાં 100 ટકા મતદાન મથકો પર વેબકાસ્ટિંગ કરાશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## MUMBAI ALERT

મુંબઈ પર આતંકવાદી હુમલાની ચેતવણી બાદ હાઈ એલર્ટ જાહેર કરાયું છે. મુંબઇ પોલીસે પેટ્રોલિંગ સઘન બનાવી દીધું છે.. વધાર્યું છે. કેન્દ્રીય ગુપ્તચર એજન્સીએ  મુંબઈ પર આતંકવાદી હુમલાની ચેતવણી આપ્યા બાદ

પોલીસે ધાર્મિક સ્થળો સહિત ભીડભાડ અને સંવેદનશીલ સ્થળો પર સુરક્ષા વધારી દીધી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીએ મુંબઈ પોલીસને માહિતી આપી છે કે, દેશની આર્થિક રાજધાની ફરી એકવાર આતંકવાદીઓના નિશાના પર છે. આગામી નવરાત્રિ પર્વને ધ્યાનમાં રાખીને પ્રખ્યાત મંદિરોની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. આ સ્થળોએ વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસે મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરની બહાર પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. શ્રદ્ધાળુઓ માટે સુરક્ષા સંબંધિત નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

## KULGAM ENCOUNTER

જમ્મુ કાશ્મીરના કુલગામ જિલ્લાના આદિગામ દેવસર ગામમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ચાલી રહેલી અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. આ દરમિયાન ત્રણ સુરક્ષાકર્મીઓ અને એક પોલીસકર્મી પણ ઘાયલ થયા હતા. મળતા અહેવાલ મુજબ હાલમાં પણ સલામતી દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે.

## INDIA STEEL

સ્ટીલ અને ભારે ઉદ્યોગ રાજ્ય મંત્રી ભૂપતિરાજુ શ્રીનિવાસ વર્માએ કહ્યું કે, ભારતીય સ્ટીલનું ભવિષ્ય ઉજ્જવળ છે. વૈશ્વિક સ્ટીલનું ઉત્પાદન 2 બિલિયન ટનની નજીક પહોંચી ગયું છે. નાણાકીય વર્ષ 2024માં 144 મિલિયન ટન ઉત્પાદન સાથે ભારત બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો છે. આગામી સમયમાં ભારતમાં અને વૈશ્વિક સ્તરે સ્ટીલની માંગ સતત વધશે.

સ્ટીલ અને ભારે ઉદ્યોગ રાજ્ય મંત્રી ભૂપતિરાજુ શ્રીનિવાસ વર્માએ ધાતુ ઉત્પાદનમાં પ્રક્રિયા અને ઉત્પાદન નવીનતાઓ પર આયોજિત આંતરરાષ્ટ્રીય પરિષદ

અને ગ્રીન સ્ટીલ ઉત્પાદન પરની ચર્ચાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સમારોહમાં ભૂપતિરાજુએ જણાવ્યું હતું કે, સ્ટીલ ક્ષેત્ર નિર્ણાયક તબક્કે છે. તેની ભાવિ દિશા પર્યાવરણ પર કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે ડિજિટલાઇઝેશન અને ટકાઉ સ્ટીલ ઉત્પાદન પર આધારિત હશે. તેમણે ઉદ્યોગના પ્રતિનિધિઓને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વચન આપ્યું હતું કે, ભારત 2030 સુધીમાં તેની અર્થવ્યવસ્થાની કાર્બન તીવ્રતામાં 45 ટકાથી વધુ ઘટાડો કરશે અને 2070 સુધીમાં નેટ શૂન્યનું લક્ષ્ય હાંસલ કરશે.

## SHAHEED BHAGAT SINGH ON HIS BIRTH ANNIVERSARY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શહીદ ભગત સિંહને તેમની જન્મજયંતિ પર નમન કર્યા હતા.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, શનિવારે શહીદ ભગતસિંહને તેમની 117મી જન્મજયંતિ પર યાદ કરતા કહ્યું કે, તેઓ સાહસ અને વીરતા ના મૂર્ત સ્વરૂપ હતા.

પ્રધાનમંત્રીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો ક્લિપ પોસ્ટ કરી અને લખ્યું, "માતૃભૂમિના સન્માનની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપનાર અમર શહીદ ભગત સિંહને તેમની જન્મજયંતિ પર કોટી કોટી નમન."

## REV. NASRALLAH-ISRAEL

ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે બેરૂત પર ગઈકાલે કરેલા હુમલામાં હિઝબુલ્લાના ટોચના નેતા હસન નસરાલ્લાહનું મોત થયું છે. એક નિવેદનમાં, લેબનીઝ સશસ્ત્ર જૂથે પણ તેના નેતા હસન નસરાલ્લાહના મોતની પુષ્ટી કરી હતી...

અગાઉ, ઇઝરાયેલના સૈન્ય પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ નદવ શોશાનીએ સોશિયલ મિડીયા એકસ  પર જાહેરાત કરી હતી કે હસન નસરાલ્લાહનું મોત થયું છે. નસરાલ્લાહે 32 વર્ષથી વધુ સમયથી ઈરાન સમર્થિત હિઝબુલાહ જૂથનું નેતૃત્વ કર્યું હતું.

## PARALYMPICS MEDALLIST

જમ્મુ અને કાશ્મીરમાં, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ આજે પેરિસ 2024 પેરાલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલ વિજેતા શીતલ દેવી અને રાકેશ કુમારને સંમાનિત કર્યા હતા. જમ્મુ ખાતે રાજભવનમાં  લેફ્ટનન્ટ ગવર્નરે જમ્મુ અને કાશ્મીરના પેરા તીરંદાજોને મળીને  પેરિસમાં યોજાયેલા  પેરાલિમ્પિક્સમાં તેમના અવિશ્વસનીય પ્રદર્શન માટે અભિનંદન પાઠવ્યા હતા.

## BADMINTON-MACAU OPEN

મકાઉ ઓપન બેડમિન્ટનમાં, ભારતની ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ આજે મહિલા ડબલ્સની સેમિફાઈનલમાં હારી ગયા હતા.. ચાઈનીઝ તાઈપેઈની હંગ એન-ત્ઝુ અને હસીહ પેઈ શાનની જોડી સામે ભારતીય જોડીની હાર થતાં તે ચેમ્પિયનશિપમાંથી બહાર થઈ ગયા હતા. અગાઉ, કિદામ્બી શ્રીકાંત પણ ગઈકાલે રાત્રે મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં બહાર ફેંકાઈ ગયો હતો.

## CRICKET-STUMPS

કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમ ખાતે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની બીજી અને અંતિમ ટેસ્ટના બીજા દિવસે વરસાદને કારણે એક પણ બોલ ફેંકવામાં આવ્યો ન હતો. બાંગ્લાદેશ માટે, મોમિનુલ હક, 40 રન સાથે, અને મુશફિકુર રહીમ, છ રન સાથે, ગઈકાલે બપોરે રમત બંધ રહી  ત્યારે ક્રીઝ પર હતા. રમતના અંતે 35 ઓવર પછી પ્રવાસી ટીમે  3 વિકેટે 107 રન કર્યા  હતા.